હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મમ્મી ડેડી, કમુરતા હોય તોય લગ્ન કરવામાં મને વાંધો નથી... મમ્મી આમ પણ હું વહેલા મોડા છુટાછેડા લેવાનું નક્કી કરેલું જ છે...

શહેરમાં ઠંડીનો ચમકારો યથાવત

પવનનું જોર ઘટતા રાહતનો અનુભવ : લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિગ્રી સે. નોંધાયું : રાત્રે તાપણાં અને સવારે જોગર્સમાં વધારો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં છેલ્લાં એક સપ્તાહથી ઠંડીનું મોજું પ્રસરવા પામ્યું છે. જેના પગલે જનજીવન પણ પ્રભાવિત થયું છે. આજે પણ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિગ્રી સે. રહેવા પામ્યું હતુ જે સાથે પાટનગરે રાજ્યના સૌથી ઠંડા શહેરોમાં સ્થાન જાળવી રાખ્યું છે. આજે મહત્તમ તાપમાનનો પારો ૨૭.૨ ડિગ્રી સે. પર અટક્યો હતો જ્યારે વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ જે ૬૪ ટકા હતુ તે સાંજ સુધીમાં ઘટીને ૪૩ ટકા નોંધાયુ હતુ.

છેલ્લાં એક સપ્તાહથી પાટનગરમાં ઠંડીની તીવ્રતા વધવા પામી છે, જોકે આજે પવનનું જોર ઘટતાં નાગરિકોને થોડી રાહત અનુભવાઈ હતી. રાજ્યમાં ૧૨ ડિગ્રી સે. થી નીચેના સ્થળોમાં પાટનગરનું સ્થાન યથાવત રહ્યું છે અને આ ઠંડીના કારણે શહેરના જનજીવન પર અસર પડી છે.

શહેરમાં સાંજના સમયથી નાગરિકો ઘરમાં પુરાઈ જાય છે અને જેઓ ઘરની બહાર જોવા મળે છે તેઓ પણ તાપણાંનો આશરો લઈ ઠંડી સામે લડત આપતા જોવા મળી રહ્યાં છે. શહેરમાં ઠંડીના કારણે ઝુંપડપટ્ટી તથા કાચા મકાનો અથવા ખુલ્લામાં તંબુ બાંધીને રહેતા ગરીબ, શ્રમજીવી વર્ગની હાલત દિનપ્રતિદિન કફોડી બનતી જાય છે. શહેરના સેવાભાવી નાગરિકો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સ્વેટર-ધાબળા-મોજાં સહિત ગરમ વસ્ત્રોના વિતરણનું સેવાકાર્ય હાથ ધરાયુ છે પરંતુ તે હજુ તમામ જરૂરિયાતમંદો સુધી પહોંચી શકતુ નથી. અને ઠંડીથી રક્ષણ મેળવવા નાગરિકો ઠેર ઠેર તાપણાનો સહારો લઈ રહ્યાં છે.

બે દિવસ પહેલા શહેરમાં સુસવાટા મારતો પવન ફુંકાઈ રહ્યો હતો જેના કારણે ઠંડી વધુ કાતિલ બની હતી. પરંતુ આજે પવનનું જોર ઘટી જતા નાગરિકોએ રાહતનો દમ લીધો છે. શહેરમાં ઠંડીના વાતાવરણમાં જ્યાં રાત્રે રસ્તા સુમસામ ભાસે છે ત્યાં વહેલી સવારે બગીચાઓ તથા જાહેર માર્ગો પર જોગીંગ, મોર્નિંગ વૉક, કસરત વ્યાયામ તેમજ યોગ કરનારા સ્વાસ્થ્ય પ્રેમીઓમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

હજી બે દિવસ કોલ્ડ વેવની સ્થિતિ

ગાંધીનગર, તા.૧૮

હવામાનમાં વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે અતિશય ઠંડા પવનોને કારણે વાતાવરણમાં ઠંડીનો પારો ગગડયો છે. ત્યારે જિલ્લા વાસીઓ ઠંડીથી બચવા અવનવા ઉપાયો કરી રહ્યાં છે. વહેલી સવારથી લોકો બાગ બગીચાઓમાં કસરત યોગ કરી રહ્યાં છે. જેના કારણે ઠંડી સામે વહેલી સવારે શુદ્ધ હવા સાથે અલગ જ ઉર્જા મળી રહે છે. વિદ્યાર્થીઓ અને વડીલો પણ ચાલવા માટે નીકળી પડે છે.

અને ઠંડીથી બચવા અલગ અલગ પ્રકારના ગરમ વસાણા તેમજ અલગ અલગ જ્યુસ પણ પીવે છે. ત્યારે હજુ પણ ૨ દિવસ હાડ થીજવતી ઠંડી પાડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે વાતાવરણમાં ઠંડી પ્રમાણ વધવાની શકયતા રહેલી છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાને પગલે આવતા ઠંડા પવનોને કારણે ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધ્યુ છે. નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર છે.

નલિયામાં લઘુત્તમ ૬.૨ ડિગ્રી તાપમાન છે. જ્યારે ડીસામાં ૮.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. કંડલામાં ૧૦.૪ ડિગ્રી તાપમાન છે. અમદાવાદમાં સીઝનનું અત્યાર સુધીનું સૌથી ઓછું તાપમાન નોંધાયુ છે. અમદાવાદમાં ૧૦.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન છે. રાજકોટમાં ૧૧ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૧.૨ ડીગ્રી, ભૂજ, અમરેલી અને વલસાડમાં ૧૧.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. તો દીવમાં ૧૨ ડિગ્રી, વડોદરામાં ૧૨.૬ ડિગ્રી સુરેન્દ્રનગર ૧૩.૨ ડિગ્રી અને ભાવનગરમાં ૧૩.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ છે.

તાપમાન ઉંચકાયુ હોવા છતાં લોકોને ઠંડીમાં કોઈ રાહત થઈ ના હોવાથી ઠંડા પવનોમાં ઠુંઠવાયા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલું વાવાઝોડું આગળ વધી રહ્યું છે અને તેના કારણે હવાના દબાણની સ્થિતિ સર્જાતા ઉતર પૂર્વના પવનનો મારો આગામી બે દિવસ યથાવત રહેવાની સંભાવના છે. આ જોતા સમગ્ર રાજ્યમાં હજી બે દિવસ કોલ્ડ વેવની સ્થિતિ છવાયેલી રહેશે. તાપમાનમાં હજુ પણ બેથી ચાર ડિગ્રીનો ઘટાડો થવાની શકયતા છે.

એપોલો સર્કલથી બે વોન્ટેડ બુટલેગરો ઝડપાયા

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની સૂચનાથી તેમની એક ટીમે નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવીને તેમને

પકડી પાડવા માટે બાતમીદારો સક્રિય કર્યા છે. ગઈકાલે આ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ વિપુલકુમારને બાતમી મળી હતી કે અડાલજ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ આરોપીઓ અમદાવાદ સરદાર પટેલ રિંગ રોડથી ગાંધીનગર તરફ આવી રહ્યા છે. આ બાતમીના આધારે બંને વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે એલસીબીની ટીમ ઍપોલો સર્કલ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. ભાટ સર્કલથી ઍપોલો સર્કલ તરફ આવતા રોડ ઉપરથી એલસીબીની ટીમે બંને નાસતા-ફરતા બુટલેગરોને દબોચી લીધા હતા. નવઘણ નેનચંદ રાજપુત (નટ) અને ભીષ્મા ઉર્ફે વિષ્ણુ જુગ્નુ રાજપુત (નટ) નામના બંને નાસતા-ફરતા બુટલેગરોને એલસીબીની ટીમે પકડી પાડી અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અડાલજ પોલીસને સોંપી દીધા છે.

રાફેલ મુદ્દે રાહુલ દેશની જનતાને ગુમરાહ કરી જુઠાણુ ફેલાવે છે : ભાજપ

શહેર અને જિલ્લા ભાજપના આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર આપી લોકસભાના સાંસદ પદેથી રાહુલ ગાંધીને સસ્પેન્ડ કરવા માંગણી કરી

ગાંધીનગર તા ૧૮

રાફેલ મુદ્દે દેશની જનતાને ગુમરાહ કરી જુઠાણુ ફેલાવતા રાહુલ ગાંધીને લોકસભાના સાંસદ પદ પરથી દુર કરવાની માંગ સાથે આજે શહેર અને જિલ્લા ભાજપના આગેવાનોએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર સુપ્રત કર્યુ હતુ.

ગાંધીનગર જિલ્લા અને શહેર ભાજપ દ્વારા આ અંગે અપાયેલા આવેદનપત્રમાં જણાંવ્યા મુજબ રાફેલ ખરીદી સમજુતીના મુદ્દા પર કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ રાહુલ ગાંધીએ તથ્યહીન,બેબુનિયાદ આક્ષેપો કરી દેશની જનતાને ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો છે. ગાંધીનગર મહાનગર ભાજપના અગ્રણીઓએ આજે આ અંગે જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ. દેશની સુરક્ષા તેમજ ભારતની આંતરરાષ્ટ્રીય શાખને ગંભીર જુઠાણા ફેલાવીને ઝાંખપ લગાવવાનો પ્રયત્ન કર્યો છે જેથી આ મુદ્દે રાહુલ ગાંધીને લોકસભાના સાંસદ પદેથી દુર કરવામાં આવે તેવી માંગણી પણ કરી હતી. જયારે આ મામલે સર્વોચ્ચ અદાલતમાં નિર્ણય પ્રક્રીયા કિંમત તેમજ ઓફસેટ પાર્ટનરને અનુલક્ષીને આચિકાઓ દાખલ કરવામાં આવી હતી તે યાચિકાઓ પણ કાઢી નાંખવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતના દ્વારા આદેશ કરાયા બાદ સામાન્ય નાગરિકો પણ તેની પર શંકા કરતા નથી. આવા સંજોગોમાં રાષ્ટ્રીય પક્ષના અધ્યક્ષ દ્વારા દેશની જનતાને ગુમરાહ કરવા અને પોતાની રાજકીય કારર્કીદીની ડુબતી નાવને બચાવવાના આશયથી આ હરકત કરી છે તેને ભાજપના આગેવાનોએ સખત શબ્દોમાં વખોડી કાઢી છે. જિલ્લા ભાજપના આઈ બી વાઘેલા, શોભનાબેન વાઘેલા, નાથુભાઈ ચૌધરી, ધારાસભ્ય શંભુજી ઠાકોર ગાંધીનગર ભાજપના આગેવાનોમાં મેયર પ્રવિણ પટેલ, આશિષ દવે અશોક પટેલ મહેન્દ્રસિંહ રાણા, કનુભાઈ દેસાઈ સહીતના હોદેદારો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજપૂત સમાજ દ્વારા લોકલ કાઈમ બ્રાંચના ત્રણ પોલીસ કર્મીઓનું સન્માન

શહેરના સેક્ટર-૧૨માં સ્થિત રાજપૂત ભવન ખાતે શ્રી રાજપૂત સમાજ જિલ્લા અને શહેરનો બે દિવસ અગાઉ સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. લોક ડાયરાના આયોજન સાથેના આ સમારંભમાં ગાંધીનગર જિલ્લાની લોકલ કાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા રાજપૂત સમાજના ત્રણ પોલીસ કર્મચારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર લોકલ કાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા વિરભદ્રસિંહ લક્ષ્મણસિંહ રાણા, દિલીપસિંહ બળદેવજી વાઘેલા અને ભવાનસિંહ પૃથ્વીસિંહ રાજપુતનુ આ કાર્યક્રમમાં જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

માઈનોરીટી કો-ઓર્ડીનેશન કમિટી દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૧૮

૧૮ ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય લઘુમતિ અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજે સવારના સમયે શહેરની

સત્યાગ્રહ છાવણી ખાતે માઈનોરીટી કો ઓર્ડીનેશન કમિટી દ્વારા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લઘુમતિ સમાજના ભાઈ બહેનો દ્વારા પ્લેકાર્ડ અને સુત્રોચ્ચાર કરી પોતાની માંગો પુરી કરવા માંગ કરી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લઘુમતિ સમાજના ભાઈ બહેનો આવ્યા હતા.

માઈનોરીટી કો ઓડીનેશન કમિટી ગુજરાત તા. ૧૮ ડિસેમ્બરને ૨૦૧૬ ના રોજ લઘુમતિઓના મુદ્દાઓની પેરવી કરવા માટે બનાવવામાં આવી હતી. ગુજરાતમાં લઘુમતિઓને એ અધિકારો પણ નથી જે બીજા રાજયોમાં મળે છે. લઘુમતિ સમાજની બંધારણીય માંગો રાજયમાં લઘુમતિ કલ્યાણ મંત્રાલયની સ્થાપના કરવામાં આવે, રાજયના બજેટમાં લઘુમતિઓના વિકાસ માટે અલગ બજેટની જોગવાઈ કરવામાં આવે, રાજયના લઘુમતિ ક્ષેત્રોમાં સરકારી હાયર સેકન્ડરી શાળાઓની સ્થાપના કરવામાં આવે, રાજય લઘુમતિ આયોગની રચના કરવામાં આવે, અને તેને બંધારણીય મજબુતી મળે તેવો કાયદો વિધાનસભામાં પસાર કરવામાં આવે, મદ્રેસા ડિગ્રીને ગુજરાત બોર્ડની સમકક્ષ માન્યતા આપવામાં આવે,લઘુમતિના ઉત્થાન માટે વિશેષ આર્થિક પેકેજ આપવામાં આવે, સાંપ્રદાયિક હિંસાથી વિસ્થાપિત થયેલા નાગરીકોને પુન સ્થાપન માટે નિતી બનાવવામાં આવે,પ્રધાનમંત્રીના નવા ૧૫ સુત્રીય કાર્યક્રમનો સંપૂર્ણ રૂપથી અમલ કરવામાં આવે તે સહિતની છે. ત્યારે આજે આંતરરાષ્ટ્રીય અલ્પ સંખ્યક અધિકાર દિવસ નિમિતે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયા હતા. જેથી પોતાના પડતર પ્રશ્નો અંગે સરકારને લેખિત રજુઆત કરી છે.

રાજ્યમાં રૂ. ૩,૭૧૦ કરોડના મૂડીરોકાણના પ્રોજેકટ્સ માટે એમ.ઓ.યુ. કરાયા

કુલ પાંચ હજારથી વધુ રોજગારીની નવી તકોનું સર્જન થશે

ગાંધીનગર, તા.૧૮

સાંઘી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડ અને મહાનસરીયા ટાયર્સ પ્રા. લિમિટેડ ગુજરાતમાં કુલ રૂ. ૩,૭૧૦ કરોડના મૂડીરોકાણ સાથે નવા પ્રોજેક્ટ શરૂ કરશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરમાં આ ત્રણેય કંપનીઓએ રાજ્ય સરકાર સાથે એમ.ઓ.યુ. કર્યા હતા. શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાત પાસે ઉદ્યોગો માટે સાનુકૂળ વાતાવરણ અને ક્રિસ્ટલ ક્લિયર પોલીસી છે. સમગ્ર વહીવટી તંત્રનો અભિગમ હકારાત્મક છે. તેમણે ઉદ્યોગગૃહોને ખૂબ જ ઝડપથી ઉદ્યોગો કાર્યરત થઈ જાય એ માટે પ્રયત્ન કરવા અનુરોધ કર્યો હતો.

સાંઘીપુરમ, કચ્છમાં વાર્ષિક ૪ મિલિયન ટન સિમેન્ટની ઉત્પાદન ક્ષમતા ધરાવતી સાંઘી ઇન્ડસ્ટ્રીઝ

પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા વધારીને વાર્ષિક ૮.૬ મિલિયન ટન કરવા જઈ રહ્યા છે. આ માટે તેઓ સાંઘીપુરમ ખાતે જ રૂપિયા ૧૫૦૦ કરોડના ખર્ચે પ્લાન્ટનું વિસ્તરણ કરવા જઈ રહ્યા છે. આ વિસ્તરણથી વધુ ૩૫૦ લોકો માટે રોજગારીની સંભાવના ઊભી થશે. વર્ષ ૨૦૨૦ સુધી કાર્યરત થઈ જનારા આ પ્રોજેક્ટ માટે સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી રવિ સાંઘીએ આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ અને ઊદ્યોગ અગ્રસચિવ શ્રી એમ. કે. દાસ સાથે એમ.ઓ.યુ. કર્યા હતા.

ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડ કચ્છમાં મીઠા અને મરીન કેમિકલ્સના ઉત્પાદન માટે રૂ. ૫૫૦ કરોડના ખર્ચે પ્લાન્ટ શરૂ કરશે. ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રવિશંકર જાલને આજે એમ.ઓ.યુ કર્યા હતા. વર્ષ ૨૦૨૧ સુધીમાં કાર્યરત થઈ જનારા આ પ્રોજેક્ટથી અંદાજે ૧૦૦૦ લોકો માટે રોજગારીની તકોનું નિર્માણ થશે. ગીર-સોમનાથના સુત્રાપાડા ખાતેના બ્રાઉનફિલ્ડ સોડા-એશ પ્લાન્ટના વિસ્તરણ માટે પણ ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડે આયોજન કર્યું છે. વર્ષ ૨૦૨૦ સુધી કાર્યરત થનારા રૂ. ૬૦૦ કરોડના મૂડી રોકાણવાળા આ વિસ્તરણ પ્રોજેક્ટ માટે પણ આજે એમ.ઓ.યુ. કરાયા હતા. લગભગ ૨૦૦૦ લોકો માટે આ પ્રોજેક્ટમાં રોજગારીની નવી તકોનું નિર્માણ થશે.

ગાંધીનગર સ્વર્ણિમ સંકુલમાં યોજાયો સાદગીપૂર્ણ ગૌરવશાળી સમારોહ

'નમો ગુજરાત કર્મયોગી કલ્યાણ નિધિ ટ્રસ્ટ' દ્વારા રૂ. ૯.૦૨ લાખની શિક્ષણ સહાયનું વર્ગ-૪ ના કર્મયોગીઓની ૯૩ દિકરીઓને મુખ્યમંત્રીશ્રીએ કર્યુ વિતરણ, ટ્રસ્ટમાં અપાનારૂં દાન આવકવેરા કલમ-૮૦-જી હેઠળ કરમૂકિતપાત્ર

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી રચાયેલા 'નમો ગુજરાત કર્મયોગી કલ્યાણ નિધિ ટ્રસ્ટ'ની રૂ. ૮ લાખ ૯૭ હજારની સહાયની રકમના ચેક રાજ્ય સેવાના વર્ગ-૪ કર્મયોગીઓની ૯૩ દિકરીઓને કન્યા શિક્ષણ પ્રોત્સાહન સહાય રૂપે વિતરણ કર્યા હતા.

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્ય મંત્રીનું પદ છોડતી વખતે રાજ્ય સરકારના વર્ગ-૪ કર્મયોગીઓની દિકરીઓના કલ્યાણ માટે આ અનોખી પહેલ ૨૦૧૪માં કરી હતી.

ગુજરાતમાંથી વિદાય થતાં તેમણે પોતાની મુખ્યમંત્રી તરીકેની વ્યકિતગત વળતરની બચત મૂડીમાંથી રૂા. ૨૧ લાખનું દાન જાહેર કર્યું હતું અને રાજ્ય સરકારના અદના કર્મયોગીઓની દિકરીઓના કલ્યાણની યોજના માટે રાજ્ય સરકાર દ્વારા આ દાનનો ઉપયોગ થાય તેવી લાગણી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વ્યકત કરી હતી.

અત્રે એ ઉલ્લેખ કરવો આવશ્યક છે કે વડાપ્રધાનશ્રીની

પ્રેરણાથી આકાર પામેલ આ 'નમો ગુજરાત કર્મયોગી કલ્યાણ નિધિ ટ્રસ્ટ' દ્વારા ઉત્તરોત્તર વર્ગ-૪ના કર્મચારીઓની દિકરીઓને શિક્ષણ માટે સબળ પ્રોત્સાહન મળી રહે તે હેતુથી દાન સ્વીકારવામાં આવે છે.

આ ટ્રસ્ટમાં અત્યાર સુધીમાં વર્ગ-૪ના અદના કર્મયોગીઓની ૨૨૫ દિકરીઓને રૂ. ૧૯.૫૭ લાખની સહાય આપવામાં આવી છે.

આ ટ્રસ્ટમાં અપાનારૂં દાન માટે કલમ-૮૦-જી હેઠળ આવકવેરા મુકિત મળવાપાત્ર રહેશે. જે વ્યકિતગત દાતાઓ-સંસ્થાઓ-સખાવતીઓ આ પાવન યજ્ઞમાં જોડવા ઇચ્છતા હોય તેઓ પોતાનું દાન 'નમો ગુજરાત કર્મયોગી કલ્યાણ નિધિ ટ્રસ્ટ'ના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા, ન્યુ સચિવાલય, કોમ્પ્લેક્ષ, ગાંધીનગરના કરન્ટ એકાઉન્ટ નંબર ૩૩૯૮૯૯૨૨૨૧૧માંજમા કરાવી શકે છે અથવા 'અધ્યક્ષ, સચિવાલય કલ્યાણ સમિતિ, ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૭, ભોયતળીએ સચિવાલય, ગાંધીનગરને ચેક/ડ્રાફટથી મોકલી શકે છે.